## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડની કુસુમ વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ યોજાયો



વલસાડ : વલસાડની કુસુમ વિદ્યાલય ખાતે તા.1 થી 3 જાન્યુ. દરમિયાન ત્રિદિવસીય વાર્ષિક ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ દિવસે યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં શિશુવિહારના ભૂલકાંઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. બીજા દિવસે પૂર્વ પ્રાથમિક વિભાગના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીત સંગીત સાથે નૃત્ય, નાટક સહિતનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના જુ.કેજી., બાલવાટિકા અને ધો. ૧ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આશરે ત્રણ કલાક સુધીના આ કાર્યક્રમે આકર્ષણ જમાવ્યું હતું. ત્રીજા દિવસે પ્રાથમિક વિભાગ ધો.૨ થી ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીત સંગીત સાથે નૃત્ય, નાટક સહિત વિવિધ કૃતિ રજૂ કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં ધો.10 એસએસસી બોર્ડના શાળાના ટોપર્સ તેમજ શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પારિતોષ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થી અને વાલીમિત્રોએ ઉત્સાહભેર માણ્યો હતો. કાર્યક્રમની શરુઆતમાં સંચાલક અર્ચનાબેને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. વિવેકભાઈ તેમજ મૈત્રીબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળ બન્યો હતો.

### સરીગામમા મેગા રક્તદાન શિબિરમાં 555 બોટલ રક્ત એકત્ર




ઉમરગામ : મે.એન.આર અગ્રવાલ લિ.મે.ગાયત્રી શક્તિ પેપર બોર્ડ લિ. અને સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ.એન આર અગ્રવાલજીની પુણ્યતિથિ નિમિત્તે સરીગામ એસઆઇએ હોલ ખાતે મેગા રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા 555 બોટલ રકત એકત્ર કરાયું હતું. કાર્યક્રમમા મુખ્ય અતિથિ તરીકે ડોક્ટર યઝદી ઇટાલીયા, તથા ધારાસભ્ય રમણભાઈ પાટકર, સોશિયલ વેલ્ફેર કમિટીના ચેરમેન બી.કે દાયમા, એસઆઈએના પ્રમુખ નિર્મલ દુધાની, સેક્રેટરી કૌશિકભાઇ પટેલ, જીપીસીપીના અધિકારી બી એન પટેલ, અગ્રણી શિરીષભાઈ દેસાઈ તથા એસઆઇએના હોદ્દેદારો, એન આર અગ્રવાલ, ગાયત્રી શક્તિ પેપર બોર્ડ કંપનીના અધિકારી,સ કર્મચારીઓ, ઉદ્યોગપતિઓ, અને મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામે સ્વ.એન આર અગ્રવાલજીને પુષ્પાજલી અર્પણ કરી હતી.

### ચીખલી તાલુકા હિન્દુ સમાજ પ્રિમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ




સુરત : જય અંબે ક્રિકેટ કલબ મલિયાધરા આયોજીત ચીખલી તાલુકા હિન્દુ સમાજ પ્રિમીયર લીગ સીઝન ૩ ની ફાઈનલ ગોલવાડ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ૮ ટીમે ભાગ લીધો હતો. તે પૈકી બે ટીમ મીહાન કન્સ્ટ્રક્શન અને પૃથ્વી ઈલેવન ફાઈનલમાં ટકરાઈ હતી. ફાઈનલમાં મીહાન કન્સ્ટ્રક્શને પહેલા બેટીંગ કરતા આઠ ઓવરમાં ૮૭ રનનો સ્કોર સ્કોર કરતા જવાબમાં ૮૮ રનનાં ટાર્ગેટ સાથે પૃથ્વી ઈલેવન ૮ ઓવરમાં ૬૩ રનજ કરી શકતા મીહાન કન્સ્ટ્રક્શન ચેમ્પિયન બની હતી. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે કામદાર નેતા આર.સી. પટેલ, સંજય પટેલ (ઉપ પ્રમુખ બક્ષીપંચ મોર્ચા), એસ.યુ. પટેલ (માજી જિલ્લા પંચાયત સભ્ય), દિનેશ પટેલ (પ્રમુખ બક્ષીપંચ મોર્ચા ખેરગામ તાલુકા), નિતેશ પટેલ(બાલાજી એન્ટરપ્રાઈઝ) ઉપસ્થિતિ રહ્યા હતા. ટુર્નામેન્ટમાં મેન ઓફ ધી મેચ જયનમ પટેલને ટ્રોફી, ટ્રેક પેન્ટ અને ટી શર્ટ, મેન ઓફ ધી સીરીઝ કુણાલ પટેલને ટ્રોફી અને સાયકલ, બેસ્ટ બેટસમેન વિમલ પટેલને ટ્રોફી અને ક્રિકેટ બેટ, બેસ્ટ બોલર હર્ષદ પટેલને ટ્રોફી અને શુઝ, બેસ્ટ ફીલ્ડર દિવ્યેશ પટેલને ટ્રોફી અને ટી શર્ટ ફાળે ગયુ હતુ. ચેમ્પિયન ટીમને કામદાર નેતા આર.સી. પટેલ, સંજયભાઈ, મયંક પટેલ (ભાજપ પ્રમુખ ચીખલી તાલુકા), સમીર પટેલ (ભાજપ મહામંત્રી ચીખલી તાલુકા), બંટી પટેલ (ડેપ્યુટી સરપંચ - બલવાડા), પ્રકાશ પટેલ મલિયાધરાએ ટ્રોફી એનાયત કરી હતી. જીતનારી ટીમ મીહાન કન્સ્ટ્રક્શનને રોકડા રૂપિયા ૩૮૦૦૧ ઈનામ અને આકર્ષક ટ્રોફી અને રનર્સઅપ પૃથ્વી ઈલેવનને રોકડા રૂપિયા ૨૮૦૦૧ ઈનામ અને ટ્રોફી એનાયત થઇ હતી. કામદાર નેતા આર.સી. પટેલે જણાવ્યું કે વર્તમાન વિશ્વની અંજપાભરી પરિસ્થિતિમાં આ ટુર્નામેન્ટનાં આયોજકો અને ખેલાડીઓએ સંગઠનની શક્તિ અને શાંતિનો સંદેશ વિશ્વને પહોચાડયો છે.

રસ્તાની હાલત અત્યંત દયનીય છે ત્યારે 'ફોર લેન' બનાવવાની યોજના મંજૂર થઇ

# ગુજરાત-મહારાષ્ટ્રને જોડતો નેશનલ હાઈવે ફરી બિસમાર

**નાનાપોંઢા**-કપરાડા માર્ગ ઠેકઠેકાણે તૂટ્યો, અકસ્માત ઝોન કુંભઘાટ નજીક માર્ગની વિષમ પરિસ્થિતિ

**વારંવારની** રજૂઆતો છતાં તંત્રની ઉદાસીનતાને કારણે વાહનચાલકોમાં ભારે રોષ



વલસાડઃ ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતો અત્યંત મહત્વપૂર્ણ નેશનલ હાઈવે-848 (પારડી-કપરાડા માર્ગ) ફરી એકવાર બિસ્માર હાલતમાં ફેરવાતા વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. એક તરફ આ માર્ગને કરોડોના ખર્ચે 'ફોર લેન' બનાવવાની યોજના મંજૂર થઈ છે, તો બીજી તરફ વર્તમાન રસ્તાની હાલત અત્યંત દયનીય બની ગઈ છે.

વિશેષ કરીને નાનાપોંઢા અને કપરાડા વચ્ચેનો માર્ગ ઠેકઠેકાણેથી તૂટી ગયો છે. અકસ્માત ઝોન ગણાતા કુંભઘાટ નજીક માર્ગની સ્થિતિ વધુ ગંભીર છે. ડુંગરાળ વિસ્તાર હોવાથી રસ્તા પર ઉડતી ધૂળને કારણે દ્રશ્યતા ઘટે છે, જેને પરિણામે ટુ-વ્હીલર ચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બની રહ્યા છે. અગાઉ ચોમાસા દરમિયાન પણ આ માર્ગની ખરાબ હાલતને કારણે અનેક નાના-મોટા અકસ્માતો સર્જાયા હતા.

રસ્તાની આ સમસ્યા અંગે અનેકવાર આવેદનપત્રો આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે, અગાઉ ભાજપ શાસિત જિલ્લા પંચાયતના પ્રમુખ મનહર પટેલે પોતે ખખડધજ માર્ગના ખાડામાં બેસીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જોકે, તંત્ર દ્વારા માત્ર થોડું 'પેચ વર્ક' કરીને સંતોષ મનાયો હતો, જે લાંબો સમય ટક્યું નથી અને માર્ગ ફરીથી તૂટી ગયો છે.

**'રસ્તા રોકો આંદોલન' કરવામાં આવશે**

હાલમાં માર્ગની વણસતી સ્થિતિને જોતા આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા જયેન્દ્ર ગામીતે એક વિડીયો સંદેશ મારફતે ચીમકી ઉચ્ચારી છે કે, જો માર્ગનું વહેલી તકે સમારકામ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં 'રસ્તા રોકો આંદોલન' કરવામાં આવશે. વારંવારની રજૂઆતો છતાં તંત્રની ઉદાસીનતાને કારણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ઓવાડામાં બનનારી ડમ્પિંગ સાઇટનું કામ અટકાવાયું

**લોકોનો** ભારે વિરોધ છતાં પાલિકા અને વહિવટી તંત્રે કામ ચાલુ રાખતા વિવાદ થયો હતો

**ગામના** પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીને રજૂઆત કરતાં આ કામ બંધ કરવાની સૂચના અપાઇ

વલસાડ : વલસાડ શહેરના કચરા માટે ઓવાડામાં ડમ્પિંગ સાઇટ બનાવવાનું નક્કી કરાયું હતુ. આ માટે જિલ્લા વહિવટી તંત્રે સાઇટ બનાવવાની જગ્યાનો સરવે શરૂ કરતાં લોકોમાં વિરોધ ઉઠ્યો હતો. છતાં પાલિકા તંત્રે કામ ચાલુ રાખ્યું હતુ. જેના કારણે વિવાદ થયો હતો અને ગત સપ્તાહમાં લોકો અને અધિકારીઓ વચ્ચે ગરમા ગરમી થતાં ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું હતુ. ત્યારબાદ આ ડમ્પિંગ સાઇટનું કામ અટકાવાયું છે. પ્રતિનિધિ મંડળે આ મામલે મુખ્યમંત્રીને રજૂઆત કરતાં કામ બંધ કરવાની સૂચના અપાઇ હતી. હવે ડમ્પિંગ સાઇટ માટે વૈકલ્પિક જગ્યા શોધવાની કવાયત હાથ ધરાશે.

ઓવાડામાં વલસાડના કચરાની ડમ્પિંગ સાઇટની કામગીરી જોરશોરથી ચાલી હતી. શહેરથી 18 કિમી દૂર ડમ્પિંગ સાઇટ બનાવવાનો વિરોધ લોકોએ કર્યો હતો. ત્યારબાદ આ મુદ્દો વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિએ ઉઠાવ્યો અને રજૂઆત જિલ્લા કલેક્ટરને કરવામાં આવી હતી. જેમાં તેમણે શહેરથી આટલી દુર સાઇટ બનાવવાનો વ્યાપક વિરોધ કર્યો હતો. તેમજ હાલની ઔરંગા નદી કિનારેની સાઇટ પર જ ટ્રોમેલ મશીન મુકવાની સલાહ આપી સમસ્યાનું નિવારણ પણ આપ્યું હતુ. ત્યાર બાદ પણ વહીવટીતંત્રે અહીં સરવેની કામગીરી ચાલુ રાખતાં ગામ લોકો અને સરકારી અધિકારી વચ્ચે ગરમાગરમી થઇ ગઇ હતી અને મોટો પોલીસ કાફલો ગામમાં ધસી ગયો હતો.

ગામ પર આવેલી આ આફત સામે સરપંચ સહિતનું એક પ્રતિનિધિ મંડળ ગાંધીનગર પહોંચ્યું અને તેમણે આ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, ગામના લોકો ખેતી પર નભે છે. અહીં કચરો સળગાવવાથી ખેતીની જમીનને નુકસાન થશે. તેમજ અહીં સાઇટની જગ્યાથી રહેણાંક વિસ્તાર નજીક હોય તેમના સામુહિક આરોગ્ય સામે પણ ખતરો હોવાનું તેમણે જણાવ્યું હતુ. ત્યારે હવે આ સાઇટનું કામ બંધ કરવાનો હાલ નિર્ણય લેવાયો છે. તેમજ તેના માટે વૈકલ્પિક જગ્યા શોધવાનું શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

### વલસાડ ચીખલા પાસે અકસ્માતમાં સ્ટિયરિંગ જામ થતા કાર પલટી

વલસાડ : વલસાડ તાલુકાના ચીખલા ગામ નજીક આજે વહેલી સવારે એક અકસ્માત સર્જાયો હતો. એક કાર ચાલકની કારનું સ્ટિયરિંગ અચાનક જામ થઈ જતાં કારે કાબૂ ગુમાવ્યો હતો અને માર્ગ પર 4 થી 5 જેટલી પલટી ખાધી હતી. જોકે, આ અકસ્માતમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો છે. મળતી માહિતી મુજબ, કાર ચાલક વહેલી સવારે બજારમાં કામ પતાવીને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન વલસાડના ચીખલા ગામના માર્ગ પર અચાનક ચાલુ કારે સ્ટિયરિંગ જામ થઈ ગયું હતું. સ્ટિયરિંગ લોક થઈ જવાથી ચાલક કાર પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. કાબૂ બહાર ગયેલી કાર રોડ પર જ 4 થી 5 વખત પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં કારને નુકસાન થયું હતું, પરંતુ સદનસીબે કાર ચાલકનો ચમત્કારીક બચાવ થયો છે. આ ઘટનાને નજરે જોનારા લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

## બીલીમોરામાં પ્રતિબંધિત દોરી સાથે બે પકડાયા

બીલીમોરા : બીલીમોરા પોલીસે પ્રતિબંધ હોવા છતાં દોરી માંજવા માટે જોખમી કાચનો જથ્થો અને સામગ્રી રાખવા બદલ બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ મુજબ, પતંગની દોરી માંજવા માટે કાચ અથવા અન્ય ઘાતક પદાર્થોનો ઉપયોગ કરવા પર મનાઈ છે. આ નિયમોના ઉલ્લંઘન અંગેની બાતમી મળતા પોલીસે નાંદરખા અને આંતલીયા વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સાગર કલ્પેશભાઈ હળપતિ (૨૪, રહે. ધકવાડા) અને આલોક રાજારામ રાજભાર (૩૦, રહે. નાંદરખા રોડ) પાસેથી પ્રતિબંધિત કાચ અને માંજવાની સામગ્રી મળી આવતા પોલીસે તેમની સામે કાયદેસરનો ગુનો નોંધ્યો છે. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઉત્તરાયણ પૂર્વે જો કોઈ વેપારી ચાઈનીઝ દોરી કે ઘાતક કાચવાળી દોરી વેચતા ઝડપાશે, તો તેમની સામે કડક પગલાં લેવાશે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી નિયમોનું ઉલ્લંઘન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## વસુધારા ડેરીના MDનો કાર્યકાળ લંબાવવાના ઠરાવ પર વિવાદ

**તત્કાલિન** ચેરમેનની જાણ બહાર MDનો કાર્યકાર લંબાવવા કરવામાં આવેલી સરક્યુલેટિંગ ઠરાવ સામે રજૂઆત કરાતા બેઠક રદ કરાઇ

ધેજઃ વસુધારા ડેરીના તત્કાલીન ચેરમેન દ્વારા તેમની જાણ બહાર બોલાવવામાં આવેલી 'સર્ક્યુલેટિંગ મીટિંગ' રદ કરવાની લેખિત રજૂઆતને પગલે, નવનિર્વાચિત વ્યવસ્થાપક સમિતિની પ્રથમ કારોબારી બેઠક રદ કરવાની નોબત આવી હતી.

સંઘના મેનેજિંગ ડિરેક્ટર નરેન્દ્રભાઈ વશીનો સેવાકાળ તા. 07/01/2026ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. તેમને પુનઃ નિયુક્ત કરવા 'સર્ક્યુલેટિંગ ઠરાવ' કરાયો હતો. આ ઠરાવને બહાલી આપવા આલીપોરના કાર્યાલયમાં બેઠક બોલાવવામાં આવી હતી.

આ સભા પૂર્વે તત્કાલીન ચેરમેન ગમનભાઈ દ્વારા ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ તેઓ વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. આલીપોરના ચેરમેન તરીકે ફરજ બજાવતા હતા. સહકારી કાયદા મુજબ તેમની સૂચનાથી જનરલ મેનેજરે મિટિંગ બોલાવવાની હોય છે. પણ તેમની જાણ બહાર જનરલ મેનેજરે કહેવાતી સર્ક્યુલેટિંગ મિટિંગના નામે ડિરેક્ટરોની હાજરીની સહી છે. એમ કરી અંધારામાં રાખી સાદા કાગળ ઉપર નવા ડિરેક્ટરોની સહીઓ કરાવેલી છે. જે ગેરકાયદે હોય અજાણી વ્યવસ્થાપક મંડળની મિટિંગનું ઔચિત્ય રહેતું નહી હોય વ્યવસ્થાપક મંડળની મિટિંગ રદ કરવી એ પ્રકારની રજુઆત ચેરમેન અને જનરલ મેનેજરને કરાતા કારોબારી મંડળની બેઠક રદ કરવામાં આવી હતી.

**ફરી મીટિંગ બોલાવાની માંગણી હતી**

વસુધારા ડેરીના મેનેજિંગ ડિરેક્ટરનો કાર્યકાળ આજે ૭-જાન્યુઆરી-૨૬ થી પૂર્ણ થતો હોય અને અગામી પાંચ વર્ષની તેમની નિમણૂકના ઠરાવને બેઠક ન યોજાતા બહાલી ન મળી હોય તેવા સંજોગોમાં જિલ્લા રજિસ્ટાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે તે જોવું રહ્યું. જિલ્લા રજીસ્ટાર ધ્રુવીલભાઇના જણાવ્યાનુસાર વસુધારા ડેરીમાં ડિરેક્ટરોનો ટેક્નિકલ પ્રશ્ન હતો. અને નિયમોનુસાર ફરી મિટિંગ બોલાવાની માંગણી હતી. જેથી આજની બેઠક રદ કરી છે.

# પાક નુકસાની વળતરમાં મોટું કૌભાંડ

**ડાંગના આદિવાસી** ખેડૂતોના નાણાં ઓળવી જનાર VCE બરતરફ

DBT યોજનામાં ટેક્નોલોજીના દુરુપયોગથી ખેડૂતોમાં રોષ

**ખેડૂતોની કડક કાર્યવાહીની માંગ**

સરકારે વચેટિયાઓને દૂર કરવા DBT સિસ્ટમ દાખલ કરી હતી, પરંતુ અહીં ટેક્નોલોજીનો દુરુપયોગ કરી ખેડૂતોને જ લૂંટવામાં આવ્યા છે. ખેડૂતો માંગ કરી રહ્યા છે કે ઓળવી લેવાયેલી રકમ વ્યાજ સાથે પરત મળે અને દોષિતો સામે ફોજદારી ગુનો દાખલ કરવાની માંગ કરી છે.

સાપુતારા : ડાંગ જિલ્લાના છેવાડાના આદિવાસી ખેડૂતો જ્યારે કુદરતી પ્રકોપ સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે સરકારી તંત્રના જવાબદાર વ્યક્તિઓ દ્વારા જ ખેડૂતોના હક પર તરાપ મારવાની શરમજનક ઘટના સામે આવી છે. વર્ષ 2024-25ના પાક નુકસાની વળતર માટે સરકારે અમલી બનાવેલી 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (DBT) યોજનામાં મોટું ગાબડું પાડી, દીવાનટેમ્બરુન ગ્રામ પંચાયતના VCE (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) દ્વારા ખેડૂતોના ખાતામાંથી રકમ ઉપાડી લેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ સમગ્ર કૌભાંડનો ભાંડાફોડ મીડિયા અહેવાલો દ્વારા થતા વહીવટી તંત્ર જાગૃત થયું હતું. જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ આ બાબતની ગંભીરતા સમજી તુરંત તપાસના આદેશ આપ્યા હતા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી. પટેલે જણાવ્યું કે, અમે દીવાનટેમ્બરુન પંચાયતના સરપંચ અને અસરગ્રસ્ત ખેડૂતોને રૂબરૂ બોલાવી તપાસ હાથ ધરી હતી. જેમાં VCE દ્વારા ખેડૂતો પાસેથી ગેરકાયદે નાણાં પડાવવામાં આવ્યા હોવાનું ફલિત થયું છે. આ ગુનાહિત પ્રવૃત્તિ બદલ સંબંધિત VCEને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરવામાં આવ્યો છે. કૌભાંડ માત્ર એક પંચાયત પૂરતું મર્યાદિત ન હોઈ શકે. જો તપાસનો વ્યાપ વધારવામાં આવે તો જિલ્લાની અન્ય ગ્રામ પંચાયતોમાં પણ DBTના નાણાંમાં હેરાફેરી થઈ હોવાની આશંકા છે. આ મામલે તાલુકા TDO આર.બી. ચૌધરીને તપાસ સોંપવામાં આવી છે.

## ક્રાઈમ સમાચાર

### ટ્રેનમાં મુસાફરની ઊંઘનો લાભ લઈ મોબાઈલ ચોરનાર મહિલા ઝડપાઈ

વલસાડ : પશ્ચિમ રેલ્વે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા મિશન સેફ સ્ટેશન અંતર્ગત વલસાડ રેલ્વે પોલીસે ટ્રેનમાં મુસાફરી કરતા પેસેન્જરોના મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ ટ્રેન નં.૨૨૧૮૫ અહિંસા એક્સપ્રેસના કોચ નં.S/8 માં સીટ નં. ૬૯ પર મુસાફરી કરી રહેલા એક પેસેન્જરનો મોબાઈલ ચોરી થયો હતો. મુસાફર સુઈ ગયા હતા, તે દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે તેમની નજર ચૂકવીને રૂપિયા ૧૯,૦૦૦ ની કિંમતનો સેમસંગ ગેલેક્સી A15 5G મોબાઈલ ચોરી લીધો હતો. આ અંગે વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫ (સી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. વલસાડ રેલ્વે પીઆઈ એમ.બી.વસાવાએ તપાસ હાથ ધરી હતી. પોલીસ ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી ચોરીમાં ગયેલો મોબાઈલ ટ્રેસ કર્યો હતો. તપાસ દરમિયાન સુરતની એક મહિલા આ મોબાઈલનો ઉપયોગ કરતી હોવાનું જણાયું હતું. પોલીસે આરોપી મહિલા શકીલાબા રમઝાન શાહ (ઉવ. ૫૦, રહે. માછીવાડ ચારરસ્તા, મકાઈ પુલ પાસે, નાનપુરા, સુરત)ને ઝડપી પાડી હતી. મહિલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### વાપી શાકભાજી બજારમાં લોખંડના પાઈપથી હુમલો: 7 શખ્સો સામે ફરિયાદ

વાપીઃ વાપી ટાઉન શાકભાજી બજારમાં જૂની અદાવતને પગલે 7 ઈસમોએ બે યુવકો પર લોખંડના પાઈપ અને ઢીક્કામુક્કી વડે હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વાપી શાકભાજી માર્કેટમાં 'શૈલેષ ફ્રૂટ સેન્ટર'માં કામ કરતા વિજયપાલ ઉર્ફે વિકી તિવારી (24) ગત તા. 6 જાન્યુઆરીના રોજ રાત્રે નવ વાગ્યાના સુમારે તેના શેઠના ભાઈ લાલુ સાથે ઊભા હતા. તે સમયે અભિષેક સુભાષ તિવારી કાર લઈને આવ્યો હતો અને તેની સાથે અન્ય ચાર અજાણ્યા શખ્સો ઉતર્યા હતા. જૂની અદાવત રાખી આ ટોળાએ ઝઘડો શરૂ કર્યો હતો. અભિષેકે લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો, જ્યારે અન્યોએ ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. ત્યારબાદ રાહુલ રાણા અને દિપેશ તિવારીએ પણ સ્થળ પર આવી લાલુને પાઈપ વડે ફટકાર્યો હતો. જીવ બચાવવા વિજય અને લાલુ ત્યાંથી ભાગ્યા હતા, જેમાં વિજયને આંગળીના ભાગે ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે અભિષેક તિવારી, રાહુલ રાણા, દિવ્યેશ તિવારી અને અન્ય 4 અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સૌંદર ગામમાં દીપડો પાંજરે પુરાયો

ધરમપુર : વલસાડ ઉત્તર વન વિભાગ હેઠળ આવતા હનમતમાળ રેંજના સૌંદર ગામે છેલ્લા કેટલાક સમયથી દીપડાના આંટાફેરાને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગામના રહેણાંક વિસ્તારમાં દીપડો અવાર-નવાર આવી ચઢતો હોવાની ફરિયાદ ગામના સરપંચ દ્વારા વન વિભાગને લેખિતમાં કરવામાં આવી હતી. સરપંચની રજૂઆતને પગલે હનમતમાળના રેંજ ફોરેસ્ટ ઓફિસર પ્રતિભા પટેલના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર વી.એચ. પટેલ અને બીટગાર્ડ વી.સી. ગાંવિત સહિતના સ્ટાફે સૌંદર ગામમાં દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું. જેમાં બુધવારે દીપડો પાંજરામાં કેદ થયો હતો. આ દીપડો આશરે ૪ થી ૫ વર્ષની ઉંમરનો જણાઈ આવ્યો હતો. દીપડો પકડાતા જ સ્થાનિક રહીશોએ મોટી રાહત અનુભવી હતી. ત્યારબાદ દીપડાને હનમતમાળ રેંજ કચેરી ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં ધરમપુરના વેટરનરી ઓફિસરને બોલાવી દીપડાની તબીબી તપાસ કરાવવામાં આવી હતી. ડોક્ટર પાસેથી ફિટનેસ સર્ટિફિકેટ મેળવ્યા બાદ, હવે આ દીપડાને સલામત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### પારડીની કંપનીમાં પાવડરના ખાડામાં ખાબકતા શ્રમિકનું મોત

પારડી : પારડીના ખડકી સ્થિત શીવ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની 'એમ ટેક્નો સેન્ડ' કંપનીમાં ગત સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. મૂળ ઉત્તરપ્રદેશના ૩૬ વર્ષીય શ્રમિક રામઅવધ યાદવ પ્લાન્ટમાં કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક પગ લપસતા તેઓ પાવડરના સ્ટોકના ઊંડા ડબ્બામાં ગરકાવ થઈ ગયા હતા. સાથી મજૂરો અને સંચાલકોએ ભારે જહેમત બાદ તેમને બહાર કાઢ્યા હતા, પરંતુ ગૂંગળામણને કારણે ૧૦૮ના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. નોંધનીય છે કે રામઅવધ માત્ર ચાર દિવસ પહેલા જ વતનથી મજૂરીકામ માટે અહીં આવ્યા હતા. પરિવારને આર્થિક ટેકો આપવા આવેલા યુવાનના અકાળે અવસાનથી શોકની કાલિમા છવાઈ ગઈ છે. પારડી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બીલીમોરામાં ગેરેજ બહાર પાર્ક કરેલી બાઈકની ચોરી

બીલીમોરાઃ બીલીમોરામાં ગેરેજમાં સર્વિસ માટે આવેલી મોટરસાયકલની રાત્રિ દરમિયાન ચોરી થવાની ઘટના સામે આવી છે. ગેરેજ સંચાલકે સીસીટીવી ફૂટેજના આધારે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ તપાસ તેજ કરી છે. ઘટનાની વિગત મુજબ, ધોલાઈ ગામના રહેવાસી ભરતભાઈ રામજીભાઈ ટંડેલ પોતાની પેશન બાઈક (GJ-21-AN-2364) સર્વિસ કરાવવા માટે જયરાજભાઈ ટંડેલના ગેરેજ પર લાવ્યા હતા. કામકાજ અર્થે બાઈક ગેરેજની બાજુમાં પાર્ક કરવામાં આવી હતી. જોકે, રાત્રિના સમયે ગાડી અંદર લેવાનું રહી જતાં, તેનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો શખ્સ બાઈક ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સવારે બાઈક ગુમ જણાયા બાદ ગેરેજ માલિકે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં એક અજાણ્યો શખ્સ ગાડી ચોરી કરી જતો સ્પષ્ટ દેખાયો હતો. આ મામલે જયરાજભાઈએ તાત્કાલિક બીલીમોરા પોલીસ મથકમાં અરજી આપી હતી. પોલીસે ફૂટેજ અને ગાડીના નંબરના આધારે તસ્કરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ઓરવાડ હાઇવે પર ઉભેલા કન્ટેનર પાછળ બાઈક અથડાતા યુવાનનું મોત



પારડી : પારડીના ડુંગરી મોરા ફળિયા ખાતે રહેતો ભાવિક કમલેશ પટેલ (ઉવ.29) ગતરોજ વાપીથી પારડી હાઇવે પર બાઈક લઈને આવી રહ્યો હતો. તે દરમિયાન ઓરવાડ હાઇવે ઉપર બેરીગેટીંગ કે આડસ મુક્યા વગર કે ઇન્ડિકેટર ચાલુ રાખ્યા વગર ઉભા રહેલા કન્ટેનરની પાછળ બાઈક ચાલક યુવાન અથડાતા અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ આસપાસના લોકોને થતા સ્થળ ઉપર દોડી આવ્યા હતા. યુવાનને પારડી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર બાદ વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેને માથા તથા મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન યુવાન ભાવિક પટેલનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના અંગે મૃતકના ભાઈ શુભમ પટેલે પારડી પોલીસ મથકે કન્ટેનર ચાલક રાજેશ ભગુભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.